VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ‘સમુદ્રાન્તિકે’ નવલકથા પર્યાવરણીય પરિપ્રેક્ષ્યમાં

**Hemil H Bihola**

JRF, Department of Gujarati
School of Languages and Literature, Gujarat University

‘સમુદ્રાન્તિકે’ ધ્રુવ ભટ્ટ દ્વારા લખાયેલી નવલકથા છે. ધ્રુવ ભટ્ટની પ્રથમ નવલકથા ‘અગ્નિકન્યા’ હતી. ત્યાર પછી તેમણે ‘સમુદ્રાન્તિકે’, ‘તત્ત્વમસિ’, ‘કર્ણલોક’, ‘અકૂપાર’, ‘લવલી પાનહાઉસ’ અને ‘અતરાપી’ નવલકથાઓ આપી છે. ધ્રુવ ભટ્ટની ઘણી નવલકથાઓની વિશેષતા તેમના પ્રાકૃતિક પરિવેશમાં રહેલી છે. ‘સમુદ્રાન્તિકે’ નવલકથામાં ભાવનગર પાસેના સમુદ્ર કિનારાનો પરિવેશ છે, ‘તત્ત્વમસિ’માં નર્મદા અને તેના કાંઠા પરના જંગલોનો પરિવેશ છે તો ‘અકૂપાર’માં ગીરના જંગલોનો પરિવેશ છે. આમ પ્રકૃતિ – પર્યાવરણ એ લેખકની રુચિનો વિષય છે તે જણાઈ આવે છે.

‘સમુદ્રાન્તિકે’ પુસ્તકની શરૂઆતમાં જ, નિવેદનમાં લેખક જણાવે છે કે ગુજરાતના સમુદ્રતટે પગપાળા કરેલા પ્રવાસના અનુભવોને આધારે આ કથા રચાઇ છે. લેખક આગળ જણાવે છે કે પ્રવાસની મુખ્ય શરત એ રહેતી કે ખડકો અને કાદવ ન હોય ત્યાં સમુદ્ર અને કિનારો ભેગા થતાં હોય એ સ્થળે જ ચાલવું. આ છેલ્લા વિધાન ઉપરથી જ આપણે એ તારવી શકીએ છીએ કે આ નવલકથાનું શીર્ષક કેવી રીતે ઉદભવ્યું હશે.

પર્યાવરણ વિના અને પર્યાવરણની સમતુલા વિના જીવનનું હોવું, જીવનનું સ્વસ્થ રહેવું અશક્ય છે. ‘સમુદ્રાન્તિકે’ નવલકથાની વાત પર્યાવરણીય પરિપ્રેક્ષ્યમાં કરીએ તો એમ કહી શકાય કે ‘પ્રકૃતિ – પર્યાવરણ આ નવલકથાના મુખ્ય પાત્ર, મુખ્ય વસ્તુ તરીકે પ્રયોજાયું છે.’ ‘સમુદ્રાન્તિકે’ નવલકથાનો કથાસાર એટલો જ છે કે શહેરમાંથી આવેલો નાયક આ પ્રદેશમાં કેમિકલ ઝોન બનાવવા માટેનો સર્વે કરવા આવે છે અને સર્વે પૂરો થતામાં તો પોતે પણ અહીંના સ્થાનિક લોકોની માફક પર્યાવરણનો – પ્રકૃતિનો પ્રેમી બની રહે છે. કથામાં લેખકે ઘણા એવાં પ્રસંગો આલેખ્યા છે કે જેના કારણે લેખકની માન્યતાઓ અને વિચારોમાં ધરમૂળથી પરિવર્તન આવે છે.

‘સમુદ્રાન્તિકે’ નવલકથામાં પણ વિશ્વના અન્ય ભાગોમાં પર્યાવરણ સાથે જે કરવામાં આવે છે તે જ થાય છે. આ ઉજ્જડ, વેરાન પ્રદેશમાં રસાયણક્ષેત્ર સર્જવાની માણસની નેમ છે. અને ઘણા અંશે તેના કારણે જ આ પ્રદેશની ‘Ecosystem’ જોખમાય છે. અને સમુદ્ર પોતાનું સ્વરૂપ બદલીને તોફાન ઉત્પન્ન કરે છે. લેખક જ્યારે પ્રથમ વખત સર્વે કરવા જાય છે ત્યારે તેમને નૂરભાઈ ફોરેસ્ટગાર્ડ પાસેથી ‘કાળોકોશી’ નામના પક્ષી વિશે માહિતી મળે છે. નૂરભાઈના કહેવા પ્રમાણે આ પક્ષીનું બીજું નામ ‘જમાદાર’ પણ છે, કારણ કે આ પક્ષી કાગડા, સમડી કે બિલાડી સામે પણ બાખડી પડે છે અને પોતે મૃત્યુ પામે છે કે હુમલાખોરને ભગાડે છે. આ જ કારણે બીજા પક્ષીઓ તેના માળાની આસપાસ પોતાના માળા બાંધે છે. હુમલાખોરથી દરે નહિ ને નાના પક્ષીઓને રંજાડે નહિ એટલે એનું નામ ‘જમાદાર’.

‘સમુદ્રાન્તિકે’ નવલકથામાં નાયક કેમિકલ ઝોનની દરખાસ્ત કરતા પહેલા ગ્રીનબેલ્ટની દરખાસ્ત રવાના કરે છે. નાયકને આ ખારાપાટમાં બાવીસ કિલોમીટર લાંબુ અને એકાદ કિલોમીટર પહોળું વન ઊભું કરવાનો રોમાંચ જાગે છે. આ પ્રદેશની સંસ્કૃતિને પર્યાવરણ સાથે ખૂબ જ તાદાત્મ્ય છે. અહીંના એક ખડકને ‘રુક્મીપાણો’ એવું નામ અપાયેલુ છે. તેના અર્થઘટનમાં લેખકને એવું જાણવા મળે છે કે ભગવાન કૃષ્ણ રુક્મિણીનું હરણ કરીને નાસ્યા ત્યારે રુક્મીએ તેમને ત્યાં રોકેલા. એ જગ્યાએ રુક્મી ભગવાનના હાથે હાર્યો એટલે એ ખડક ‘રુક્મીપાણો’ કહેવાય છે; એના પ્રાકૃતિક કારણમાં જઈએ તો આ રુક્મીપાણાની પાછળ દરિયે સાત મીઠા પાણીની વીરડી છે એમ જણાવાયું છે. આ પ્રદેશની પ્રજા પ્રકૃતિની સાથે ઓતપ્રોત થઈને જીવે છે. અંહીના લોકોને પ્રકૃતિનો કોઈ ભય નથી; ઉપરથી પ્રકૃતિમાં અખૂટ શ્રદ્ધા છે. નવલકથાની શરૂઆતમાં જ નાયકે એક નાનકડી ખેડૂબાળાના પાત્ર દ્વારા આ વાત સરસ રીતે રજૂ કરી છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

'સમુદ્રાન્તિકે' નવલકથામાં મોત ભાગના પ્રસંગોમાં પ્રકૃતિ વણાયેલી જ જોવા મળે છે. એક પ્રસંગે મોટી અમાસનો ધાર્મિક તહેવાર હોવાથી ઘણા લોકો સમુદ્રસ્નાન કરવા આવે છે તો તેમાં એક વૃદ્ધા પણ હોય છે, ઘણે દૂરથી તેમને અહીંયા ગાડામાં બેસાડીને લાવ્યા છે. તેમના માટે ડોલ ભરીને દરિયાનું પાણી લાવવાનું સૂચન થાય છે ત્યારે તેઓ કહે છે – 'દરિયો ડોલમાં નો સામે' અર્થાત દરિયો ડોલમાં ન સમાય !નાયક આ જોઈને દિગ્મૂઢ થઈ જાય છે. આ વૃદ્ધ સ્ત્રી ભલે ધાર્મિક તહેવારે અહીં આવી છે, પરંતુ તેને અહીં સુધી ખેંચી લાવનાર માત્ર ધર્મ નથી ; તેઓ તહેવારના બહાને દરિયાને મળવા આવ્યા છે! આ પ્રદેશના લોકો દરિયાને દેવ માનીને પૂજે છે. આર્યસંસ્કૃતિની પ્રકૃતિપૂજાની ભાવનાને અહીંના લોકોએ જીવિત રાખી છે.

'સમુદ્રાન્તિકે' નવલકથામાં લેખકે હિન્દુ પૌરાણિકકથાનું ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ સાથે તાદાત્મ્ય કરાવ્યું છે. 'વરાહસ્વરૂપ'ના મંદિરે ભગવાન વિષ્ણુના વરાહ અવતારને પૃથ્વી પર પાંગરતા જીવનની ઉત્ક્રાંતિ સાથે લેખક સરખાવે છે. નવલકથાના નાયકને રસાયણક્ષેત્રનો રિપોર્ટ લખતા ભારે દુખ અને પસ્તાવો થાય છે, ત્યારે નાયક આશ્વાસન – સાંત્વના લેવા બંગાળી બાવા પાસે જાય છે. આ પ્રસંગે લેખકે બંગાળી બાવાના મુખે અદ્ભૂત વાક્યો મૂક્યા છે. તે કહે છે – 'પ્રકૃતિ સદા સર્વદા મુક્ત હૈ, કોઈ ઈસે બાંધ નહીં પાતા. ઔર ન ઈસે બિગાડ સકતા હૈ, બસ ઇતના સમજ લે.' આ વાક્યો પ્રકૃતિની શક્તિ અને પ્રકૃતિ સામે માનવની પરવશતા દર્શાવે છે. અન્ય એક પ્રસંગ વિદેશી સાધ્વી વિવેકગિરિનો છે. નાયક જ્યારે તેમના મંદિર પાસે પહોંચે છે ત્યારે આ સાધ્વી આરતી ઉતારતી દેખાય છે, તે દિશાઓની, દરિયાની, વૃક્ષોની, ગાયો, કૂતરા, મહેમાનો અને મધ્યાકાશની આરતી ઉતારે છે. સંધ્યાના સમયે આ દૃશ્ય જોઈ નાયક સ્વીકારે છે કે પ્રકૃતિ અને માનવીનું આટલું ભવ્ય સાયુજ્ય ક્યાંય જોયું નથી!

પ્રકૃતિનો જાદુ કહો કે પર્યાવરણનો ચમત્કાર પણ જે પ્રદેશ નાયકને અળખામણો લાગતો હતો તેમાં જ તેમના મિત્રો આવીને રહે તેવી ઈચ્છા નાયક અનુભવે છે. બે વર્ષના સમયમાં તો નાયક નગરવાસી મટીને આ નિર્જન, ઉજ્જડ વગડાના વનવાસી, સામુદ્રિક બની જાય છે! આ પ્રદેશની પ્રજા પ્રકૃતિની નિકટ રહે છે અને પ્રકૃતિની નિકટ જે કોઈ રહે છે તેને પ્રકૃતિ પોતાના મૂળભૂત ગુણોનું દાન કરે છે. તેથી જ આ પ્રદેશના લોકો સ્વાભાવિક્તા, નિર્દંભ, અભય અને જેવા છીએ તેવા દેખાવા જેટલી સરળતા જેવા ગુણો ધરાવે છે.

અનેક વર્ષોથી સમુદ્રની પાસે રહેતા બંગાળી બાવાને દરિયાની સ્થિતિ કઇંક અસામાન્ય જણાય છે તો તે નાયકને આગોતરી ચેતવણી આપી દે છે કે અનંતમહારાજ કદાચ તોફાન કરશે! અહીં આ બંગાળી બાવો કોઈ ચમત્કારી નથી પરંતુ અનેક વર્ષોના આ સહવાસને કારણે તેને એવી ભીતિ થઈ જાય છે. જે અંતે સત્ય પણ પૂરવાર થાય છે. કેમિકલ ઝોનનું કાર્ય શરૂ થતાં પહેલા જ સમુદ્રમાં વાવાઝોડું આવે છે અને અનંતમહારાજ પોતાનું રૌદ્ર રૂપ બતાવે છે. વાવાઝોડું શાંત થતાં જ પુનઃનિર્માણ શરૂ થાય છે., ગ્રીનબેલ્ટનું નવનિર્માણનું કાર્ય પણ શરૂ થાય છે; અને કેમિકલ ઝોનનું કામ શરૂ થતાં પહેલા જ નાયક પણ પોતાની જવાબદારીમાંથી બંધનમુક્ત થઈ જાય છે. અંતે નાયક પણ પ્રકૃતિમાં રમમાણ થઈ જાય છે. આમ, 'સમુદ્રાન્તિકે' નવલકથામાં પર્યાવરણ અને માનવનો સંબંધ વિલક્ષણ રીતે નિરૂપાયો છે.

http://vidyajournal.org